# જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી સુરત

બ્લોક-એ,ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨ અઠવાલાઈન્સ સુરત- ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૩ :- suratdeo@gmail.com

Fax no :- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ web :-www.suratdeo.org

જા.નં.મા-2/2025/૧૬૨૬૦

તા. 05/12/2025

પ્રતિ,

આચાર્યશ્રી,

માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,

સુરત જિલ્લો.

**વિષય :-** ગુજરાત સ્ટેટ રોડ સેફટી એવાર્ડ વર્ષ,2025 માટે નોમિનેશન મોકલવા બાબત

**સંદર્ભ :-** (૧)બંદરો અને વાહનવ્યવહાર વિભાગનો ઠરાવ ક્રમાંક PTD/મસમ/e-file/૨૨/૨૦૨૪-/૦૧૬૭/KH, તા.૨૬/૦૯/૨૦૨૪

(૨)કમિશનરશ્રી, શાળાઓની કચેરી પત્ર ક્રમાંકઃ માધ્ય/પરચ/૨૦૨૫/૧૨૨૮૧-૩૧૬

ઉપરોક્ત પત્ર અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે, રાજ્યમાં માર્ગ અકસ્માતોમાં ઘટાડો થાય તે સારું શ્રેષ્ઠ કામ કરનાર શૈક્ષણિક સંસ્થાઓને બિરદાવવા અને પ્રોત્સાહન આપવાના ઉદાત્ત હેતુથી ગુજરાત સરકાર દ્વારા ગુજરાત સ્ટેટ રોડ સેફટી એવાર્ડ એનાયત કરવામાં આવે છે.

ગુજરાત રોડ સેફટી ઓથોરિટી દ્વારા કેલેન્ડર વર્ષ ૨૦૨૪ (તા.૦૧/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪) દરમિયાન માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા કરેલ ઉત્કૃષ્ટ કામગીરીને બિરદાવી પ્રોત્સાહન તેમજ એવાર્ડ આપવા સારું નોમિનેશન તથા જરૂરી પ્રમાણભૂત આધાર/પુરાવા સહ સ્પાઈરલ બાઇડિંગમાં દરખાસ્ત તૈયાર કરી અત્રેની કચેરીને તા.૦૬/૧૨/૨૦૨૫ ના રોજ સાંજે ૦૫:૦૦ સુધીમાં અત્રે રૂબરૂ હાજર રહી રજૂ કરવા જણાવવામાં આવે છે.

બિડાણ :- સંદર્ભ પત્ર

જિલ્લા શિક્ષણાધિકારી

સુરત જિ. સુરત

ક્રમાંક/માધ્ય./પરચ/2025/12281-316 તા. 04.12.2025

**કમિશનરશ્રી શાળાઓની કચેરી,**

**બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સેકટર-૧૯, ગાંધીનગર**

પ્રતિ,

જિલ્લા શિક્ષણધિકારીશ્રી,

તમામ

વિષય: ગુજરાત સ્ટેટ રોડ સેફટી એવોર્ડ વર્ષ. ૨૦૨૫ માટે નોમિનેશન મોકલવા બાબત

સંદર્ભ: બંદરો અને વાહન વ્યવહાર વિભાગનો ઠરાવ ક્રમાંક: PTD/MSM/e-file/22/ 2024/ 0167/KH, તા. ૨૬/૦૯/૨૦૨૪

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પરત્વે જણાવવાનું કે, રાજ્યમાં માર્ગ અકસ્માતોમાં ઘટાડો થાય તે સારું શ્રેષ્ઠ કામ કરનાર વ્યક્તિગત/સંસ્થાકીય (સ્વૈચ્છિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, ઔદ્યોગિક સંસ્થાઓ) તેમજ શહેર/જિલ્લા માર્ગ સલામતી સચિ બિરદાવવા અને પ્રોત્સાહન આપવાના ઉદાત્ત હેતુથી રાજ્ય સરકાર દ્વારા ગુજરાત સ્ટેટ રોડ સેફટી એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

આ એવોર્ડમાં (૧) વ્યક્તિગત/સંસ્થાકીય (સ્વૈચ્છિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, ઔદ્યોગિક સંસ્થાઓ) અને (૨) શહેર જિલ્લા સલામતી સમિતિ એમ બે કેટેગરી માટે એવોર્ડમાં પ્રથમ, દ્વિતીય તથા તૃતીય સ્થાન માટે એવોર્ડની પ્રોત્સાહક રકમ અનુક્રમે રૂ. ૩ લાખ, રૂ. ૨ લાખ અને રૂ.૧ લાખ એનાયત કરવામાં આવે છે.

ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી દ્વારા કેલેન્ડર વર્ષ-૨૦૨૪ (તા. ૦૧/૦૧/૨૦૨૪ થી તા. ૩૧/૧૨/૨૦૨૪) દરમિયાન વ્યક્તિગત/સંસ્થાકીય કેટેગરીમાં માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા કરેલ ઉત્કૃષ્ટ કામગીરી કરનારને બિરદાવી પ્રોત્સાહન તેમજ એવોર્ડ આપવા સારું નોમિનેશન તથા જરૂરી પ્રમાણભૂત આધાર/પુરાવા સહ સ્પાઈરલ બાઈડીંગમાં મંગાવવામાં આવેલ છે. તો આપના જિલ્લાની તાબા હેઠળની માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, આપની કચેરી કે આપની કચેરીની જાણ હેઠળ જે વ્યક્તિઓ/સંસ્થાઓ દ્વારા માર્ગ સલામતી લગત ઉત્કૃષ્ટ કામગીરી કરેલ તેઓની પ્રમાણભૂત આધાર/પુરાવા સહ સ્પાઈરલ બાઈડીંગમાં દરખાસ્ત તૈયાર કરી અત્રેની કચેરી ખાતે તા.૦૮/૧૨/૨૦૨૫ ના રોજ સાંજે ૬:૦૦ સુધીમાં અત્રે રૂબરૂ હાજર રહી રજૂ કરવા જણાવવામાં આવે છે.

આ યોજનાનો બહોળો પ્રચાર -પ્રસાર થાય અને માર્ગ સલામતી સારું નાગરિકો સંસ્થાઓના સ્પર્ધક વધે તે સારું આપની જાણકાર જે વ્યક્તિઓ/સંસ્થાઓ માર્ગ સલામતી લગત સારી કામગીરી કરતી હોય તો તેઓના નોમિનેશન અત્રેની કચેરી ખાતે મોકલી આપવા પણ જણાવવામાં આવે છે. આ અંગેની વધુ વિગતો ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટીની વેબસાઇટ પર પણ મુકેલ છે. જે ધ્યાને લેશો.

બિડાણ: ઉપર મુજબ

નાયબ શિક્ષણ નિયામક,

માધ્યમિક,

ગુ.રા. ગાંધીનગર

* નકલ રવાના જાણ સારૂ:-

- પ્રતિ,

ચીફ એન્ફોર્સમેન્ટ ઓફિસરશ્રી,

ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી,

ગુજરાત રાજ્ય, ગાંધીનગર

# ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી

પહેલો માળ, આંકડા ભવન, પોલીસ ભવનની બાજુમાં,

સેક્ટર-૧૮, ગાંધીનગર-૩૮૨૦૦૭

E-mail Id: cot-trans-rsa@gujarat.gov.in, Phone:079 23258148


પ્રતિ,

કમિશનરશ્રી,

કમિશનર શાળાઓની કચેરી,

બીજો માળ, વિદ્યા સમીક્ષા કેન્દ્ર,

સેક્ટર-૧૯, ગાંધીનગર.

**વિષયઃ** ગુજરાત સ્ટેટ રોડ સેફ્ટી એવોર્ડ વર્ષ-૨૦૨૫ માટે નોમિનેશન મોકલવા બાબત

**સંદર્ભઃ** બંદરો અને વાહન વ્યવહાર વિભાગનો ઠરાવ ક્રમાંક: PTD/MSM/e-file/22/2024/0167/KH, તા.૨૬/૦૯/૨૦૨૪.

ઉપરોક્ત વિષય તથા સંદર્ભ પરત્વે જયભારત સાથ જણાવવાનું કે રાજ્યમાં માર્ગ અકસ્માતોમાં ઘટાડો થાય તે સારૂં શ્રેષ્ઠ કામગીરી કરનાર વ્યક્તિગત/સંસ્થાકીય (સ્વૈચ્છિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, ઔદ્યોગિક સંસ્થાઓ) તેમજ શહેર/જિલ્લા માર્ગ સલામતી સમિતિને બિરદાવવા અને પ્રોત્સાહન આપવાના ઉદાત્ત હેતુથી રાજ્ય સરકાર દ્વારા ગુજરાત સ્ટેટ રોડ સેફ્ટી એવોર્ડ એનાયત કરવામાં આવે છે.

આ એવોર્ડમાં (૧) વ્યક્તિગત/સંસ્થાકીય (સ્વૈચ્છિક સંસ્થાઓ, શૈક્ષણિક સંસ્થાઓ, ઔદ્યોગિક સંસ્થાઓ) અને (૨) શહેર/જિલ્લા માર્ગ સલામતી સમિતિ એમ બે કેટેગરી માટે એવોર્ડમાં પ્રથમ, દ્વિતીય તથા તૃતીય સ્થાન માટે એવોર્ડની પ્રોત્સાહક રકમ અનુક્રમે રૂ.૩ લાખ, રૂ.૨ લાખ અને રૂ.૧ લાખ એનાયત કરવામાં આવે છે.

ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી દ્વારા કેલેન્ડર વર્ષ-૨૦૨૪ (તા.૦૧/૦૧/૨૦૨૪ થી તા.૩૧/૧૨/૨૦૨૪) દરમિયાન વ્યક્તિગત/સંસ્થાકીય કેટેગરીમાં માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા કરેલ ઉત્કૃષ્ટ કામગીરી કરનારને બિરદાવી પ્રોત્સાહન તેમજ એવોર્ડ આપવા સારૂં નોમિનેશન તથા જરૂરી પ્રમાણભૂત આધાર/પુરાવા સ્પાઈરલ બાઈડીંગમાં અત્રેની કચેરી ખાતે **તા.૧૦/૧૨/૨૦૨૫ ના રોજ સાંજે ૬:૦૦ વાગ્યા સુધીમાં** મંગાવવામાં આવેલ છે.

આ યોજનાનો બહોળો પ્રચાર-પ્રસાર થાય અને માર્ગ સલામતી સારૂં નાગરિકો/સંસ્થાઓના સ્પર્ધક વધે તે સારૂં આપની જાણકારી હેઠળ જે વ્યક્તિઓ/સંસ્થાઓ માર્ગ સલામતી લગત સારી કામગીરી કરતી હોય તો તેઓના નોમિનેશન અત્રેની કચેરી ખાતે મોકલી આપવા વિનંતી છે. આ અંગેની વધુ વિગતો ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટીની વેબસાઇટ પર પણ મુકેલ છે. જે વિદિત થવા વિનંતી છે.

(નોંધ પર મળેલ માન.કમિશનરશ્રીની મંજૂરી મુજબ)

<u>બિડાણ:</u> ઉપર મુજબ

ચીફ એન્ફોર્સમેન્ટ ઓફિસર

ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી

ગુજરાત રાજય, ગાંધીનગર.

ignature Not Verified

gned by:SANKET B PATEL
ief Enforcement Officer
te:2025.12.02
13:17 +5:30

File No: GRSA/AWD/e-file/362/2025/0158/Awareness

Approved By: Road Safety Commissioner,GRSA

*Open the document in Adobe Acrobat DC to verify the E-sign*

ગુજરાત સ્ટેટ રોડ સેફ્ટી એવોર્ડના ક્રાઈટેરીયા અને કેટેગરીમાં ફેરફાર કરવા બાબત.

ગુજરાત સરકાર

બંદરો અને વાહન વ્યવહાર વિભાગ

સચિવાલય, ગાંધીનગર.

ઠરાવ ક્રમાંક: PTD/MSM/e-file/22/2024/0167/KH

વંચાણે લીધા:

(૧) વિભાગનો તા.૨૧/૦૪/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક:એમવીડી/૧૦૨૦૧૮/૨૭/ખ

(૨) વિભાગનો તા.૩૦/૦૭/૨૦૧૮નો ઠરાવ ક્રમાંક:એમવીડી/૧૦૨૦૧૮/૨૭/ખ

(૩) વિભાગનો તા.૦૧/૦૧/૨૦૨૧નો ઠરાવ ક્રમાંક:એમવીડી/૧૦૨૦૧૮/૨૯/ખ

(૪) વિભાગનો તા.૧૨/૦૫/૨૦૨૨નો ઠરાવ ક્રમાંક:એમવીડી/૧૦૨૦૧૮/૨૭/ખ

(૫) ગુજરાત માર્ગ સલામતી સત્તામંડળની કચેરીનો તા.૦૯/૦૭/૨૦૨૪ નો પત્ર ક્રમાંક:ક્રમાંક: GRSA/0026/07/2024

**આમુખ:**

રાજય સરકારે ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી એક્ટ, ૨૦૧૮ હેઠળ ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી નામની વૈધાનિક સંસ્થાની રચના કરેલ છે. આ સંસ્થા રાજયમાં માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા સબંધિત કામગીરી કરે છે.

માર્ગ સલામતીના કાર્યમાં વધુમાં વધુ વ્યક્તિઓ, સંસ્થાઓ, સીટી/ડીસ્ટ્રીકટ રોડ સેફ્ટી કમિટીઓ ઉત્સાહભેર જોડાય તે જરૂરી છે. આ સંસ્થાઓને આ કામ ઉત્સાહભેર કરવાની પ્રેરણા મળે, રોડ સેફ્ટીની તરફેણમાં જાહેર જનતાનો સકારાત્મક અભિપ્રાય ઉભો થાય અને વધુમાં વધુ સંસ્થાઓને આ કાર્યમાં જોડી શકાય તે માટે ગુજરાત રાજય રોડ સેફ્ટી એવોર્ડ એનાયત કરવાની શરૂઆત કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલા ક્રમાંક (૧) સામેના ઠરાવથી "ગુજરાત રોડ સેફ્ટી એવોર્ડ" ની નવી બાબતને વહીવટી મંજૂરી મળેલ છે.વંચાણે લીધેલા ક્રમાંક (૨) સામેના ઠરાવથી આ એવોર્ડ એનાયત કરવા માટેના માપદંડો (ક્રાઈટેરિયા) અને ગુણ પદ્ધતિ ઠરાવવામાં આવેલ છે. વંચાણે લીધેલા ક્રમાંક (3) સામેના ઠરાવથી નિયત કરવામાં આવેલ પદ્ધતિમાં નીચે મુજબની ૦૩ કેટેગરીમાં એવોર્ડ આપવાનું ઠરાવેલ હતું.

(૧) સ્વૈચ્છિક વ્યક્તિ (Individual)

(૨) સંસ્થા (સ્વૈચ્છિક, શૈક્ષણિક, ઔધોગિક)

(3) શહેર/જિલ્લા માર્ગ સલામતી સમિતિ

ગુજરાત રોડ સેફ્ટી એવોર્ડ એનાયત કરવાના ક્રાઈટેરીયા અને ગુણ પદ્ધતિમાં ફેરફાર કરવા અંગે ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી દ્વારા મળેલ દરખાસ્ત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી. કાળજીપૂર્વકની વિચારણાને અંતે સરકારશ્રી ગુજરાત રોડ સેફ્ટી એવોર્ડ એનાયત કરવા માટે નીચે મુજબના પ્રત્યેક કેટેગરીમાં નવા માપદંડો મુજબ (ક્રાઈટેરીયા વાઈઝ) મૂલ્યાંકન પદ્ધતિ દાખલ કરવાનું ઠરાવે છે.

**ઠરાવ:-**

૧. આ એવોર્ડ નીચે મુજબની ૦૨ કેટેગરીમાં એનાયત કરવાનો રહેશે.

(૧) સ્વૈચ્છિક વ્યક્તિ (Individual)/સંસ્થાઓ (સ્વૈચ્છિક, શૈક્ષણિક, ઔધોગિક)

(૨) શહેર/જિલ્લા માર્ગ સલામતી સમિતિ

૨. પ્રત્યેક કેટેગરીમાં એવોર્ડ એનાયત કરવા નીચે મુજબની કરેલ કામગીરી ધ્યાને લેવામાં આવશે.

(૧) કેટેગરી ૦૧: સ્વૈચ્છિક વ્યક્તિ (Individual)/ સંસ્થાઓ (સ્વૈચ્છિક, શૈક્ષણિક, ઔધોગિક)

- માર્ગ સલામતીના નીચેના ક્ષેત્રો પૈકી કોઈ પણ ક્ષેત્રમાં કરેલ ઉત્કૃષ્ટ/વિશિષ્ટ/નાવીન્યસભર (Innovative) કામગીરી

    1. Road Engineering
    2. Enforcement of Traffic Laws,
    3. Education & Awareness of Road Safety,
    4. Emergency Care
    5. માર્ગ સલામતીના ક્ષેત્રમાં અન્ય વિશિષ્ટ કામગીરી/યોગદાન

    (ઉપરના મુદ્દા માટે સમયગાળાના બાધ વિના સમગ્રતયા કામગીરી ધ્યાને લેવામાં આવશે)

- માર્ગ સલામતી વિષયક તાલીમ/સેમિનાર/વર્કશોપનું આયોજન કે તેમાં ટ્રેનર/વક્તા/નિદર્શક /પ્રદર્શક તરીકે સક્રિય ભાગ
- માર્ગ સલામતી સપ્તાહ/માસની ઉજવણી/વર્લ્ડ ડે ઓફ રીમેમ્બરન્સ (વિશ્વ શ્રદ્ધાંજલિ દિવસ)ના કાર્યક્રમમાં સક્રિય ભાગ
- શહેર તેમજ ગ્રામ્યકક્ષાએ માર્ગ સલામતી અંગે લોક-જાગૃતિ કેળવવા કે માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા કરેલ વિશેષ કાર્યક્રમો/પ્રયત્નો
- માર્ગ સલામતીના સાધનો/ઉપકરણનું વિતરણ
- માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઇજાગ્રસ્ત વ્યક્તિને તાત્કાલિક/ગોલ્ડન અવરમાં તબીબી સારવાર માટે સહાયભૂત થવા કરેલ કામગીરી

(૨) કેટેગરી ૦૨: શહેર/જિલ્લા માર્ગ સલામતી સમિતિ (CRSC/DRSC)

- મુખ્યત્વે શહેર/જિલ્લામાં માર્ગ અકસ્માત/મૃત્યુમાં થયેલ નોંધપાત્ર ઘટાડો
- માર્ગ સલામતીના નીચેના ક્ષેત્રો પૈકી કોઈ પણ ક્ષેત્રમાં કરેલ ઉત્કૃષ્ટ/વિશિષ્ટ/નાવીન્યસભર (Innovative) કામગીરી

    1. Road Engineering
    2. Enforcement of Traffic Laws
    3. Education & Awareness of Road Safety
    4. Emergency Care
    5. માર્ગ સલામતીના ક્ષેત્રમાં પહેલ રૂપે કરેલ અન્ય વિશિષ્ટ કામગીરી/યોગદાન

- માર્ગ અકસ્માત બ્લેક સ્પોટ્સ તેમજ અન્ય અકસ્માત સંભવિત ક્ષેત્રોની ઓળખ અને સુધારા સંબંધિત કરેલ કામગીરી
- શહેર/જિલ્લા માર્ગ સલામતી સમિતિની મળેલ બેઠકો તથા તેમાં થયેલી સમીક્ષા, નિર્ણયો અને અમલીકરણની વિગતો
- શહેર/જિલ્લા માર્ગ સલામતી સમિતિ દ્વારા જિલ્લા રોડ સેફ્ટીનો એક્શન પ્લાન તૈયાર કરી અને તેની સંલગ્ન વિભાગો દ્વારા થયેલ અમલવારી
- માર્ગ સલામતી સપ્તાહ/માસ કે વિશ્વ શ્રદ્ધાંજલિ દિવસ (વર્લ્ડ ડે ઓફ રીમેમ્બરન્સ) ના કાર્યક્રમમાં સક્રિય ભાગ
- માર્ગ સલામતી જાગૃતિ વિષયક શહેર/જિલ્લામાં થયેલ તાલીમ/સેમિનાર/કાર્યક્રમ
- શહેરી તેમજ ગ્રામ્યકક્ષાએ માર્ગ સલામતી અંગે લોક-જાગૃતિ કેળવવા કે માર્ગ સલામતી સુનિશ્ચિત કરવા કરેલ વિશેષ કાર્યક્રમો/પ્રયત્નો
- માર્ગ સલામતીના સંદર્ભમાં કરવામાં આવેલ ઇમરજન્સી કેર/ફર્સ્ટ રીસ્પોન્ડર/ટ્રોમા કેર બાબતની તાલીમ/કાર્યક્રમ/સેમિનાર કે અન્ય કામગીરી
- માર્ગ અકસ્માતમાં ગંભીર રીતે ઇજાગ્રસ્ત વ્યક્તિને તાત્કાલિક/ગોલ્ડન અવરમાં તબીબી સારવાર માટે સહાયભૂત થનાર ગુડ સમેરીટન અંગેની જોગવાઈઓનો પ્રચાર પ્રસાર અને પ્રોત્સાહક કામગીરી
- માર્ગ અકસ્માતની વિગતોનું એકત્રીકરણ, વિશ્લેષણ અને સમીક્ષા
- ઇલેક્ટ્રોનિક એન્ફોર્સમેન્ટ અંગે કરવામાં આવેલ વિશેષ કામગીરી
- ગંભીર અકસ્માતોના કિસ્સામાં શહેર/જિલ્લાનો ઇમરજન્સી એક્શન પ્લાન અંગે કરેલ કામગીરી
- નિર્માણાધીન માર્ગો પર વર્ક ઝોન ટ્રાફિક મેનેજમેન્ટ પ્લાનનો અમલ
- મેડિકલ ઇમરજન્સી માટે એમ્બ્યુલન્સની પ્રાપ્યતા, વહેંચણી અને રિસ્પોન્સ ટાઇમ ઘટાડવા કરેલ કામગીરી
- માર્ગ સલામતી માટે મળેલ ફંડનો અસરકારક ઉપયોગ
- અન્ય વિશિષ્ટ/નાવીન્યસભર કામગીરી

૩. વંચાણે લીધેલા ક્રમાંક-(૩) સામેનાં તા.૦૧/૦૧/૨૦૨૧ના ઠરાવથી આ એવોર્ડ ૦૩ કેટેગરીમાં એનાયત કરવામાં આવતો હતો. તેની જગ્યાએ આ એવોર્ડ ઉપર ૦૨ કેટેગરીમાં આપવાનો થતો હોઈ ઇનામની "નવી પ્રોત્સાહક રકમ" નીચે પ્રમાણે ઠરાવવામાં આવે છે.

| ક્રમ | કેટેગરી | એવોર્ડની રકમ/ખર્ચ (રૂપિયા) | | |
|---|---|---|---|---|
| | | પ્રથમ | દ્વિતીય | તૃતીય |
| ૧ | સ્વૈચ્છિક વ્યક્તિ (Individual)/ સંસ્થાઓ (સ્વૈચ્છિક,શૈક્ષણિક,ઔદ્યોગિક) | રૂ.૩,૦૦,૦૦૦/- | રૂ.૨,૦૦,૦૦૦/- | રૂ.૧,૦૦,૦૦૦/- |
| ૨ | શહેર/જિલ્લા માર્ગ સલામતી સમિતિ | રૂ.૩,૦૦,૦૦૦/- | રૂ.૨,૦૦,૦૦૦/- | રૂ.૧,૦૦,૦૦૦/ |
| 3 | કુલ રકમ | રૂ.૬,૦૦,૦૦૦/- | રૂ.૪,૦૦,૦૦૦/- | રૂ.૨,૦૦,૦૦૦/- |
| ૪ | અન્ય આનુષાંગિક ખર્ચ | કુલ રૂ.૧,૦૦,૦૦૦/- | | |

1. જે તે વર્ષે આ એવોર્ડ મેળવનાર તેના પછીના બે (૦૨) વર્ષ માટે નોમિનેશન કરી શકશે નહિ.
2. ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી, સ્ટેટ રોડ સેફ્ટી કાઉન્સિલ, તેમજ ગુજરોસાની કારોબારી સમિતિના સભ્યો તેમજ "માર્ગ સુરક્ષાના ક્ષેત્રમાં તજજ્ઞ હોય તેવા નામનિયુક્ત કરેલ સભ્યો (નોમિનેટેડ મેમ્બર્સ)" આ એવોર્ડના નોમિનેશન માટે પાત્રતા ધરાવશે નહી.
3. કેટેગરી ૦૧ માટે ગુજરાત રોડ સેફ્ટી ઓથોરિટી સાથે સંલગ્ન વિભાગો (સ્ટેક હોલ્ડર) જેમ કે, ગૃહ વિભાગ, ટ્રાન્સપોર્ટ વિભાગ, માર્ગ નિર્માણ સંબધિત વિભાગ, આરોગ્ય વિભાગ તેમજ શૈક્ષણિક વિભાગના ખાતાના વડા કક્ષાએથી કોઈ વ્યક્તિ/સંસ્થા દ્વારા રોડ સેફ્ટી માટે કરેલ ઉત્કૃષ્ટ કામગીરી માટે ભલામણ સહિત નોમિનેશન માટે દરખાસ્ત કરી શકાશે. આવી દરખાસ્તમાં તેઓની કામગીરી ઉત્કૃષ્ટ કેવી રીતે છે તેની ટૂંકી વિગતો આપવાની રહેશે.
4. તે જ રીતે શહેર/જિલ્લા માર્ગ સલામતી સમિતિ પણ તેમના વિસ્તારમાં કોઈ વ્યક્તિ/સંસ્થાએ રોડ સેફ્ટીમાં કરેલ ઉત્કૃષ્ટ કામગીરી માટે ટૂંકી વિગતો સાથેની ભલામણ સહિત નોમિનેશન માટે દરખાસ્ત કરી શકશે.
5. એવોર્ડ વિજેતા નક્કી કરવા આખરી સત્તાધિકારી વાહન વ્યવહાર વિભાગનો હવાલો ધરાવતા વિભાગના અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર-સચિવશ્રી રહેશે.
6. વંચાણે લીધેલા ક્રમાંક (૧), (૨), (૩) અને (૪)ના ઠરાવની તમામ જોગવાઇઓ આથી રદ કરવામાં આવે છે.
7. આ ઠરાવની જોગવાઈઓ તેના બહાર પડ્યાની તારીખથી અમલમાં આવશે.
8. આ ઠરાવની જોગવાઈઓ વિભાગની PTD/MSM/e-file/22/2024/0167/KH ફાઈલ પરની સરકારશ્રીની તા.................. ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજ્યના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે.

(હરેન્દ્રસિંહ પરમાર)

નાયબ સચિવ

બંદરો અને વાહન વ્યવહાર વિભાગ

ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

પ્રતિ,

૧.વાહન વ્યવહાર કમિશનરશ્રી, વાહન વ્યવહાર કમિશનરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

૨. કમિશનરશ્રી, ગુજરાત રોડ સેફ્ટી ઓથોરીટી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

3. શાખા સિલેક્ટ ફાઈલ